એસ.ટી. ડેપો ખાતે ભાજપનું સંગઠન પર્વ

ભારતીય જનતા પક્ષની લોકસભામાં ઝળહળતા વિજય પછી હાલ પક્ષ દ્વારા સંગઠન પર્વ ૨૦૧૪-૧૫ ઉજવવામાં આવી રહ્યું છે. આ સંગઠન પર્વ અંતર્ગત ભાજપ દ્વારા નરેન્દ્ર મોદીની હાકલ સાથે ગામે ગામ સદસ્યતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં એક કરોડથી પણ વધુ લોકોને સભ્ય બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ભાજપના ગાંધીનગર તાલુકા મંડળ દ્વારા તા. ૨જી થી તા. ૪થી ડિસેમ્બર સુધી ત્રિદીવસીય સંગઠન પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પથિકાશ્રમ એસટી ડેપો ખાતે ઓનલાઈન સભ્ય નોંધણીનું કાર્ય સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા મહામંત્રી હિતેન્દ્ર પટેલ, તાલુકા પ્રમુખ શૈલેષ પટેલ, સંગઠન પર્વ ઈન્ચાર્જ દિલીપસિંહ ગોલ, ટીંટોડાના તાલુકા સદસ્ય રમેશજી ઠાકોર સહિત અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને પહેલા બે દિવસ દરમિયાન આશરે ૭૦૦થી વધુ સભ્યોની નોંધણી કરી હતી. (તસવીર : સમીર રામી)

ગાંધીનગર એસ.ઓ.જી.નો જિલ્લાભરમાં સપાટો

શહેર ઉપરાંત કુડાસણ, પેથાપુર, કલોલ, ચિલોડા, ઉવારસદમાં ૧૬ કેસ કર્યા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે ડીએસપીની સુચનાથી વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન સુરક્ષા અને સલામતીને પગલે ગેસ્ટહાઉસ, હોટલ, સીસીટીવી કેમેરા, સીમકાર્ડ વેચાણ કરતી મોબાઈલ શોપમાં સઘન ચેકીંગ શરૂ કરી દીધુ છે. જિલ્લા કલેક્ટરના જાહેરનામાના ભંગ કરતા વેપારીઓ સામે જિલ્લાભરમાં એસઓજીની ટીમે સપાટો બોલાવ્યો છે. એસ.ઓ.જી.એ બે દિવસમાં વધુ ૧૬ જાહેરનામા ભંગના ગુના દાખલ કરી તમામના માલીકો સામે કેસ કર્યો છે.

ડીએસપી શરદ સિંઘલની સુચનાથી એસ.ઓ.જી. પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની ટીમે ગાંધીનગર શહેર ઉપરાંત કુડાસણ, પેથાપુર, ઉવારસદ, કલોલ, ચિલોડા સહિતના આસપાસના જિલ્લાભરના વિસ્તારમાં સપાટો બોલાવ્ય છે. સિમકાર્ડનું વેચાણ કરતાં અને ગ્રાહકોને ઓળખ-પુરાવા વિના કાર્ડ વેચતા અને તેનું રજીસ્ટર ન નિભાવતા ૯ મોબાઈલ શોપ પર દરોડા પાડી તમામ નવ વેપારી સામે ગુનો દાખલ કર્યો છે. તે ઉપરાંત લાયસન્સ વગર ધમધમતી બે હોટલો, સીસીટીવી કેમેરા ન લગાડી જાહેરનામા ભંગનો ગુનો કરનાર ચાર દુકાનો અને ગેસ્ટહાઉસમાં રજીસ્ટર ન નિભાવતા એક ગેસ્ટહાઉસ સંચાલક મળીને કુલ ૧૬ વેપારીઓ સામે એસઓજીએ જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સે-૨૮ જીઆઈડીસી પાસે ગટર ઉભરાતાં દુર્ગંધથી ફેકટરીઓના કારીગરો ત્રસ્ત

છેલ્લા એક અઠવાડિયાથી ગટર ઉભરાય છે : કારીગરો બિમાર પડતાં ફેકટરીઓ બંધ રાખવી પડે તેવી દહેશત : વારંવાર રજૂઆત છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના ઔદ્યોગિક ક્ષેત્ર સેકટર-૨૮ની જીઆઈડીસી એસ્ટેટમાં પ્લોટ નં. ૮૦૧/૧ નજીક છેલ્લા અઠવાડિયાથી ગટર ઉભરાવાને કારણે દુર્ગંધયુકત પાણી

ફેલાઈ રહ્યું છે. આ પ્રદુષિત પાણી બહાર ઉભરાવાને કારણે આસપાસની ફેકટરીઓના કારીગરો બિમાર પડવા લાગ્યા છે પરંતુ તંત્રના પેટનું પાણી પણ હાલતું નથી.

છેલ્લા એક અઠવાડિયાથી સતત ઉભરાતાં આ દુર્ગંધયુકત પાણીના કારણે સમગ્ર વિસ્તારમાં માથુ ફાડી નાંખે તેવી તીવ્ર વાસ ફેલાવા પામી છે. તેમજ પ્રદુષિત પાણીના કારણે રોજ જન્ય જીવાણુઓનો પણ ઉપદ્રવ વધી જવા પામ્યો છે. જેની સીધી અસર આ વિસ્તારની ફેકટરીઓના કારીગરો પર થઈ રહી છે.

આ સમસ્યા અંગે ફેકટરી સંચાલકો દ્વારા વારંવાર સે-૨૪ની ઈન્કવાયરીમાં ફરિયાદ નોંધાવા છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો નથી જેને કારણે હવે તો કારીગરોના સ્વાસ્થ્ય પર કોઈ ગંભીર અસર ન પહોંચે તે કારણે ફેકટરીઓ બંધ રાખવી પડે તેવી દહેશત ઉભી થવા પામી છે. સે-૨૪ની ઈન્કવાયરીમાં ફરિયાદના પગલે તંત્રના માણસો આવી સ્થળ તપાસ કરીને જતા રહે છે પરંતુ આ સમસ્યાના નિવારણ માટે કોઈ જ પગલાં ભરાતા નથી. આ વિસ્તારમાં ગટરના પ્રદુષિત પાણીના કારણે કોઈ રોગચાળો ફેલાય તે પૂર્વે સત્વરે તેનું સમારકામ કરાય તેવી ફેકટરી સંચાલકોમાં માંગ ઉઠવા પામી છે.

સ્વ રોજગારીની યોજનાઓમાં ધિરાણને માટે બેંકો સકારાત્મક વલણ અપનાવે : મેકવાન

ગાંધીનગર, તા.૪

સ્વ રોજગારીની યોજનાઓમાં ધિરાણ માટે બેંકોએ તેમની માનસિકતા બદલવાની તાતી જરૂરિયાત હોવાનું જણાવતાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીવિકટર મેકવાને દત્તોપત્ત ઠેંગડી યોજનાના અરજદારોને ઝડપી ન્યાય મળે તે જોવા કહ્યું હતું.

ગઈ કાલે ગાંધીનગર જિલ્લા લીડ બેંક, ડીઆઈસી તથા કેવીઆઈસીના સંયુકત ઉપકમે બેંકર્સ માટેના લઘુ અને કુટિર ઉદ્યોગની યોજનાકીય માર્ગદર્શન શિબિરમાં આવી ટકોર કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે બાજપાઈ બેંકેબલ યોજનાના કદમાં ફેરફાર કરાયો છે તો દત્તોપત્ત ઠેંગડી વ્યાજ સહાય યોજના જે નવી લોંચ કરાઈ છે તે માટે બેંકો સકારાત્મક વલણ દાખવે તે જરુરી છે. શ્રી મેકવાને જણાવ્યું હતું કે સ્વરોજગારી ક્ષેત્રે યુવાનોમાં જે ઉત્સાહ છે અને સ્પર્ધાનું વાતાવરણ તીવ્ર બન્યુ છે. ત્યારે બેંકોનું સકારાત્મક વલણ આવશ્યક છે.

બેંકો દ્વારા લક્ષ્યાંક સિધ્ધિ નહિ થયાની વાતે પણ સૌને ચોંકાવી દીધા હતા. ખાસ કરીને સ્વરોજગારની યોજનાઓની અરજીઓના નિકાલ માટે જે ઉદાસીનતા દાખવવામાં આવે છે તેમાં માનસિકતા બદલાવ પર ભાર મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કુટિર ઉદ્યોગના નાયબ નિયામકશ્રી મહેતા, સ્ટેટ બેંકના ઝોનલ મેનેજર સુશ્રી ગાંગુલી, બેંક ઓફ ઈન્ડિયાના શ્રી રાજીવ પાઠક, બેંક ઓફ બરોડાના શ્રી અગ્રવાલે પ્રાસંગિક ઉદબોધન કર્યા હતાં.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા દત્તોપત્ત ઠેંગડી વ્યાજ સહાય યોજના તેમજ વડાપ્રધાન રોજગાર સર્જન યોજના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન લીડબેંક મેનેજરશ્રી અનિલ પુરોહિતે કર્યું હતું.

અમત પર્વ અને જીવતચર્યા કરાશે

ગાંધીનગર, તા. ૪

સેકટર-૨૮ સ્થિત કોલવડાનગર સોસાયટીમાં વસતા યુવરાજસિંહ વાઘેલાના પિતાજીનું અમૃતપર્વ અને માતૃશ્રી શોભનાબાની જીવતચર્યા કરવામાં આવશે.

સમી સાંજનું શમણું એટલે જીવનપર્વ. માતૃશ્રી શોભનાબા ચારધામયાત્રા અને ગંગાપૂજન સુઃખરૂપ પૂર્ણ કરી પરત ફર્યા છે. ત્યારે તેમની જીવતચર્યા, બ્રહ્મચોર્યાસી અંગે પ્રતાપસિંહજી વાઘેલાનું અમૃત પર્વ આગામી ૧૮ ડિસેમ્બરે સેકટર-૨૮ સ્થિત કોલવડાનગર સોસાયટી ખાતે ઉજવવામાં આવશે.

સુરક્ષા સેતુ અંતર્ગત ૨૦૦ ભુલકાઓએ ચિલોડા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

શાળાના ગણવેશમાં શિસ્તબદ્ધ રીતે પધારેલા બાળકોને જોઈ પોલીસ પણ રોમાંચિત : પોલીસ સ્ટેશનના વિવિધ વિભાગો અંગે માહિતગાર કરાયા અને હથિયારોનું પણ નિદર્શન કરાયું

ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક સ્કૂલના બાળકોને સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

(તસવીર : નટુભાઈ પટેલ)

પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવાઈ હતી. સિનીયર કેજી થી લઈને ધોરણ-

૫ સુધીના ભુલકાઓને આ મુલાકાત દરમ્યાન પોલીસની કામગીરી તેમજ પોલીસ સ્ટેશનની અલગ અલગ વિભાગો અંગે સમજણ આપી બાળકોના મનમાં પોલીસ પ્રત્યેની ગેરસમજ અને ડરને દૂર કરવા પ્રયત્ન કરાયો હતો.

ચિલોડા ખાતે શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનાર ઓમ લેન્ડમાર્ક સ્કૂલના બાળકોને આજે ચિલોડા પોલીસ સ્ટેશનની મુલાકાતે લઈ જવાયા હતા. જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. પ્રિયદર્શીએ બાળકોને આવકાર્યા હતા અને તેમના જીજ્ઞાસાવશ પુછાયેલા તમામ પ્રશ્નોના હળવાશથી ઉત્તરો આપ્યા હતા. શાળાના ગણવેશમાં શિસ્તબદ્ધ રીતે આવેલા આ વિદ્યાર્થીઓને જોઈ પોલીસકર્મીઓ પણ રોમાચિંત થઈ ઉઠ્યા હતા અને એક તબક્કે મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.જી. મકવાણાએ તો નિખાલસભાવે એક ભુલકાને તેડી પણ લીધુ હતુ. આ બાળકોને પોલીસ સ્ટેશનના વિવિધ વિભાગો જેવા કે મુખ્ય કાર્યાલય, ફરિયાદ બુક, કોમ્પ્યુટર રૂમ, નાગરિક સુવિધા કેન્દ્ર, લોકઅપ વગેરે બતાવીને તે અંગે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત પોલીસ કર્મીઓએ બાળકોને પોલીસના હથિયારોનું પણ નિદર્શન કર્યું હતું.

શાળાના શૈક્ષણિક સ્ટાફ સહિત શાળાના લગભગ ૨૦૦ બાળકો આ પોલીસ સ્ટેશનની મુલાકાતમાં સામેલ થયા હતા. ચિલોડા પોલીસ સ્ટેશન અને ઓમ લેન્ડમાર્ક શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ મુલાકાતના અંતે બાળકોને હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો. અને પોલીસે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

બોર્ડ-નિગમોમાં ચેરમેનો ડિરેકટરોની નિમણુંક પ્રક્રિયા વિલંબમાં પડી

ગાંધીનગર, તા.૪

બોર્ડ નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકો વિલંબમાં પડવા પામી છે. હવે કૃષિ મહોત્સવ બાદ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં રાજય સરકાર માત્ર નાના જ ચાર બોર્ડ નિગમોમાં ચેરમેન ઉપાધ્યક્ષ અને ૪૦ જેટલા ડિરેકટરોની નિમણુંકો કરી હતી અને બાકીના મહત્વના મોટા બોર્ડ નિગમોમાં નિમણુંકો કરવાની પ્રક્રિયા બાકી હતી.

છેલ્લા કેટલાક સમયથી ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ કોળી સમાજને બોર્ડ નિગમમાં પુરતું પ્રતિનિધિત્વ આપવા માટે માંગણી સાથે જંગ છેડયો હતો. જો કે મુખ્યમંત્રીએ તેમને હૈયાધારણા આપતાં ધારાસભ્યએ ભાવિ કાર્યક્રમો પડતા મૂકયા હતાં.

બાકી બોર્ડ નિગમોમાં ચેરમેન અને ડિરેકટરોની નિમણુંક માટે સરકાર અને સંગઠન વચ્ચે બેઠક યોજાઈ શકી ન હોઈ નામોની પસંદગી પ્રક્રિયા થઈ શકી નથી. આથી સંગઠન સાથે પરામર્શ કર્યા બાદ બોર્ડ નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકો માટેની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

આઠમીથી રાજયમાં સંગઠન પર્વની ઝોનવાર બેઠકોનો દોર શરુ થઈ રહ્યો છે. બીજી બાજુ ૧૦મીથી રાજયમાં કૃષિ મહોત્સવ શરુ થનાર છે આથી આ કાર્યક્રમોમાં પ્રદેશ નેતાઓ અને મંત્રીઓ વ્યસ્ત બનશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ કારણોને લઈને હાલ બોર્ડ નિગમોમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંક પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે. અને આગામી સપ્તાહના અંતમાં અથવા એના પછીના સપ્તાહમાં ચેરમેન ડિરેકટરોની નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે બોર્ડ નિગમોમાં ચેરમેનોને ત્રણ વર્ષનો સમય થઈ ગયો છે તેવા ચેરમેનોને તેમની મુદત પુરી થઈ જતાં પદ પરથી રાજીનામું આપવા માટેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળે છે.

સે-૨૨માં શિશુવાટિકા ખાતે વિદ્યારંભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે આવેલ સરસ્વતી શિશુવાટિકા દ્વારા તાજેતરમાં 'વિદ્યારંભ સંસ્કાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિથી યોજાયેલા આ કાર્યક્રમમાં હિન્દુ ધર્મના પ્રાચીન ગ્રંથોની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

વૈદિક પરંપરા અનુસાર મનુષ્યના જીવનમાં સોળ સંસ્કારનું મહત્વ રહેલું છે. તેમાંનો એક સંસ્કાર એટલે 'વિદ્યારંભ સંસ્કાર'. શાસ્ત્ર અનુસાર બાળક જયારે ૪ વર્ષ ૪ માસ અને ૪ દિવસનું થાય પછી આ સંસ્કાર અપાય છે જેમાં બાળકની વિદ્યા પ્રાપ્તિ માટેનો પ્રારંભ થાય છે. વિદ્યા ભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા સંચાલિત સે-૨૨માં આવેલ સરસ્વતી શિશુવાટિકા ખાતે આ વિદ્યારંભ સંસ્કાર અંગે ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિન્દુ ધર્મના પ્રાચીન ગ્રંથો શ્રીમદ ભગવદ્ ગીતા, વેદ, ઉપનિષદ, રામાયણ વગેરેને સુંદર રેશમી તેમજ સુતરાઉ કાપડમાં લપેટીને પાલખી દ્વારા શોભાયાત્રા સ્વરૂપે શિશુવાટિકા ખાતે લવાયા હતાં. આ ગ્રંથ લાવનાર માતાઓનું પગ ધોઈને આરતી પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદના બાદ સંસ્થાના પ્રમુખ મફતભાઈ વાઘેલા અને ટ્રસ્ટી વિદ્યાબેન પસારીના હસ્તે દિપ પ્રાગટય વડે કરાયું હતું. આ કાર્યક્રમમાં યજ્ઞ કરવામાં આવ્યો હતો અને ૧૦૮ વખત સરસ્વતી મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. યજ્ઞ સમાપ્તિ બાદ બાળકોએ માતાના આર્શીવાદ લઈ વિદ્યાભ્યાસનો પ્રારંભ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવનાબેન રાઠોડે કર્યું હતું.

વાલી મિટીંગ યોજાઈ

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલ સેકટર-૨૩માં શાળામાં ધોરણ-૧માં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની મિટીંગ યોજાઈ હતી. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે વાલીઓને પોતાના બાળકોને કેવી રીતે સમજાવવા તેના વિશે વકતવ્ય આપ્યું હતું. સમયે ભુલકાઓએ વેશભૂષા, નાટક, ડાન્સ, સહિતના કાર્યક્રમો યોજયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૭
સૂર્યાસ્ત : ૫.૫૨

તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ટીટ્રો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
કિલ/દીલ : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
કિલ/દીલ : ૧. ૦૦, ૧૦.૦૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :
ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦
: સ્ક્રીન-૨ :
ઉડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦
ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦
: સ્ક્રીન-૩ :
ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫
જીદ : ૫.૨૫, ૧૦.૫૫
ઝેડ પ્લસ : ૮.૦૫
: સ્ક્રીન-૪ :
ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫
જીદ : ૧૧.૩૦
હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
: સ્ક્રીન-૩ :
એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધ હંગર ગેમ : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
એકશન જેકસન : ૧૦.૦૦
ઝીદ : ૧.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦
ઉંગલી : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦
: સ્ક્રીન-૬ :
એકશન જેકસન : ૪.૪૫
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
ઉંગલી : ૧૦.૦૦

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર ભગાજી ચૂંથાજી (ઉ.વ.૫૪) મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર